### કરમસદ - આણંદ મનપા કચેરી ખાતે મેયર દ્વારા સ્વાગત અને લોટીયા ભાગોળ તળાવમાં વિસર્જન કરાશે

# આણંદમાં આજે ગણેશ વિસર્જન, આઝાદ મેદાનથી શ્રીજીની શોભાયાત્રા નીકળશે

**શહેરના** 28 યુવક મંડળો ડીજે અને ભજનોની રમઝટ સાથે ઉત્સાહભેર જોડાશે

(પ્રતિનિધિ) આણંદ, તા.૨૪

આણંદ શહેરમાં ગણેશ મહોત્સવ હવે અંત તરફ પહોંચ્યો છે અને 25મીના રોજ શુક્રવારે ભક્તજનો ભારે હૈયે વિઘ્નહર્તા ગણપતિ દાદાને વિદાય આપશે. આ માટે પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા તૈયારી પૂર્ણ કરી દેવામાં આવી છે. સવારે 10:00 વાગ્યાના સુમારે આઝાદ મેદાનથી મહાનુભાવો લીલી ઝંડી બતાવી શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવશે, જે શહેરના વિવિધ માર્ગો પર ફરીને લોટીયા ભાગોળ તળાવ ખાતે પહોંચશે.

આ વર્ષના ગણેશ મહોત્સવમાં સૌથી ખાસ બાબત એ છે કે પડતર દિવસોના કારણે શ્રીજીની વિસર્જન યાત્રા નિયમિત 10 દિવસને બદલે 12 દિવસ બાદ યોજાઈ રહી છે. આ શોભાયાત્રા આઝાદ મેદાનથી શરૂ થઈ અંબે માતા મંદિર, કન્યા શાળા, ઠક્કરવાડી ચાર રસ્તા, ગોપી સિનેમા, લોટીયા ભાગોળ, કપાસિયા બજાર, ટાવર બજાર, ગામડી વડ, સ્ટેશન રોડ થઈ મનપા કચેરી પહોંચશે. જ્યાં મેયર અને કોર્પોરેટરો દ્વારા વિસર્જન યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. બાદમાં જનરલ હોસ્પિટલ, જૂના એસ.ટી. ચાર રસ્તા, નવી પોસ્ટ ઓફિસ, લક્ષ્મી ચાર રસ્તા, જૂના રસ્તા, ગામડીવડ, બેઠક મંદિર અને વેરાઈ માતા થઈ લોટીયા ભાગોળ તળાવ પહોંચશે.

આ અંગે વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર આ મુખ્ય શોભાયાત્રામાં કુલ 28 જેટલા યુવક મંડળો પોતાની પ્રતિમાઓ સાથે ડીજે, વાજતે-ગાજતે અને ભજનોની રમઝટ સાથે જોડાશે. જ્યારે બાકીના મંડળો પોતપોતાની રીતે સ્થાનિક તળાવ કે નદી કિનારે વિસર્જન કરશે. જોકે, લોટીયા ભાગોળ તળાવ ખાતે ફાયર બ્રિગેડની મદદથી ગણપતિ બાપ્પા મોરિયા, અગલે બરસ તૂ જલ્દી આ ના ગગનભેદી નારા અને અબીલ-ગુલાલની છોળો વચ્ચે તમામ પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવશે.

### આણંદ જિલ્લામાં ગણેશ વિસર્જનને લઈને ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત

આણંદ જિલ્લાના ૨૦૯ ગામો અને શહેરોમાં સ્થાપિત ૧૦૧૧ ગણેશજીની મૂર્તિઓનું નદી, તળાવ, નહેર અને કૃત્રિમ તળાવોમાં વિસર્જન કરવામાં આવશે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે જિલ્લા પોલીસ વડા, ઉપરાંત ૭ નાયબ પોલીસ અધિક્ષક, ૩૪ પોલીસ ઇન્સ્પેક્ટર, ૬૩ પોલીસ સબ ઇન્સ્પેક્ટર અને ૧૧૫૮ પોલીસ કર્મચારીઓને તૈનાત કરાયા છે. આ ઉપરાંત ૧ કંપની એસઆરપી, ૧ કંપની આરએએફ, એક હજાર હોમગાર્ડ, ૧૨૫ જીઆરડી અને ૧૦ માઉન્ટેડ પોલીસનો કાફલો પણ બંદોબસ્તમાં જોડાયો છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ૩૫ વિડિયો કેમેરા અને ૬ ડ્રોન દ્વારા સમગ્ર વિસર્જન પર ચુસ્ત નજર રાખવામાં આવશે.

### નડિયાદ શોરૂમના મેનેજર સામે છેતરપિંડીનો 7મો ગુનો દાખલ

# વેપારીની કાર ઊંચા ભાવે વેચવાના બહાને૯.૨૦ લાખનો ચૂનો ચોપડ્યો

**સગેવગે થયેલી કાર** ભરૂચથી મળી આવી, આરોપી હજુ પોલીસ પકડથી દૂર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૪

નડિયાદ સ્થિત ટાટા શોરૂમના મેનેજર રાજન જોષી સામે છેતરપિંડીનો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કઠલાલના એક વેપારીની કાર સારી કિંમતે વેચી આપવાની લાલચ આપી રૂ. 9.70 લાખની કિંમત નક્કી કર્યા બાદ, માત્ર રૂ. 50 હજાર ચૂકવી બાકીના રૂ. 9.20 લાખ ન આપી મેનેજર ફરાર થઈ ગયો છે. આ મામલે કઠલાલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતાં પોલીસે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

કઠલાલ ચોકડી ખાતે આવેલી ડી.કે. સુપર માર્કેટમાં વેપાર કરતા અને મહાત્મા સિંધી સોસાયટીમાં રહેતા દિલીપભાઈ કિશનચંદ રાયસીંઘાણીએ વર્ષ 2020માં બેંક લોન મારફતે કાર ખરીદી હતી. આ કાર વેચવાની હોવાથી તેમણે પોતાના ભત્રીજા મયુર (ઉર્ફે મોહિત) મારફતે ટાટા શોરૂમના મેનેજર રાજન જોષીનો સંપર્ક કર્યો હતો. રાજન જોષીએ ગત 1 સપ્ટેમ્બરના રોજ કાર અને અસલ દસ્તાવેજો કબ્જે લીધા હતા અને પોતાની પત્ની કિંજલ અશ્વિન દવેના બેંક ખાતામાંથી રૂ. 50,000 ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. બાકીના રૂ. 9.20 લાખ પાંચ દિવસમાં ચૂકવવાનો વાયદો કર્યો હતો. સમયમર્યાદા વીતી ગયા બાદ નાણાં ન મળતાં 8મી સપ્ટેમ્બરના રોજ વેપારીનો ભત્રીજો નડિયાદ શોરૂમે તપાસ કરવા પહોંચ્યો ત્યારે રાજન જોષી ગાયબ હતો અને તેનો મોબાઈલ ફોન પણ સ્વિચ ઓફ આવતો હતો.

આ તપાસ દરમિયાન આ કાર ભરૂચમાં રિયાઝભાઈ મંસુરીના 'અપ્સરા કાર પોઈન્ટ' ખાતે હોવાનું ખુલવા પામ્યું હતું. આ સમગ્ર મામલે કઠલાલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. નોંધનીય છે કે આરોપી રાજન જોષી સામે જિલ્લામાં અગાઉ પણ છેતરપિંડીની 6 ફરિયાદો નોંધાઈ ચૂકી છે, જેથી આ તેના વિરુદ્ધ 7મો ગુનો છે.

# બાલાસિનોરમાં દહેજ ભૂખ્યા સાસરિયાંનો પરિણીતા પર ત્રાસ

**મારઝૂડ** કરી પાંચ વર્ષના માસૂમ પુત્ર સાથે પરિણીતાને ઘરમાંથી કાઢી મૂકાઈ

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૨૪

બાલાસિનોરમાં રહેતી પરિણીતાને દહેજ અને ઘરકામ બાબતે શારીરિક-માનસિક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મૂકવાના મામલે બાલાસિનોર પોલીસે પતિ સહિત પાંચ સાસરિયાં સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બાલાસિનોરના પુરા મહોલ્લામાં રહેતી ફેમીદાબાનુના જુલાઈ ૨૦૨૦માં મુસ્લિમ શરિયત મુજબ વહીદભાઈ ઈસ્માઈલભાઈ શેખ સાથે બીજા લગ્ન થયા હતા. આ લગ્નના એક વર્ષ બાદ પતિ વહીદભાઈ, સાસુ સાબેરાબેન અને સસરા ઈસ્માઈલભાઈ શેખે 'ખાવાનું બનાવતા નથી આવડતું અને પિયરમાંથી દહેજ લાવી નથી.' તેમ કહી મેણાં-ટોણાં મારી મારઝૂડ શરૂ કરી હતી. સાસુ-સસરા પતિને "આને કાઢી મૂક, તારા બીજા લગ્ન કરાવી દઈશું" તેવી ચઢામણી કરતા હતા.

પરિણીતાને ૫ વર્ષનો પુત્ર હોવા છતાં, પરણેલી બંને નણંદો અફસાનાબાનુ અને ફરજાનાબાનુ પણ રોજ ઘરે આવી કામ બાબતે ત્રાસ આપતી હતી. અંતે સાસરિયાંઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી પરિણીતાને ઘરમાંથી કાઢી મૂકી હતી. સમાજમાં અરજી કરવા છતાં પતિએ રાખવાની ના પાડતાં, પરિણીતાએ બાલાસિનોર પોલીસ મથકે પતિ, સાસુ, સસરા અને બંને નણંદો વિરુદ્ધ BNS અને દહેજ પ્રતિબંધ અધિનિયમ હેઠળ ફરિયાદ નોંધાવી છે.

### સરદાર પટેલ યુનિવર્સિટીના ત્રિદિવસીય યુવક મહોત્સવનું ધામધૂમથી સમાપન






સરદાર પટેલ યુનિવર્સિટીમાં કુલપતિ પ્રો. (ડો.) નિરંજન પટેલની અધ્યક્ષતામાં અને લોકકલાકાર અભયસિંહ રાઠોડની મુખ્ય ઉપસ્થિતિમાં ત્રિદિવસીય યુવક મહોત્સવનું સમાપન યોજાયું હતું. આ ફેસ્ટિવલમાં ૨૪ સ્પર્ધાઓમાં ૧૨૪ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં ફોક ડાન્સ અને વિવિધ પારંપરિક નૃત્યોએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ સમારંભ દરમિયાન મુખ્ય અતિથિએ 'કળાને પામે તે કલાકાર' વિશે પ્રેરણાદાયી ઉદ્બોધન કર્યું હતું.

# વીરપુરમાં સેવા સેતુના પગલે કચેરી સુમસામ !

**વૈકલ્પિક** વ્યવસ્થાના અભાવે લોકો હેરાન-પરેશાન થયાં

(પ્રતિનિધિ) વીરપુર તા.૨૪

મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના કાસોડી ગામે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગોના કર્મચારીઓ રોકાયેલા રહેતાં વિરપુર મામલતદાર કચેરી ખાતે રોજિંદા કામકાજ માટે આવેલા અરજદારોને ભારે મુશ્કેલીનો સાચો સામનો કરવો પડ્યો છે. એક તરફ સરકાર નાગરિકોને ઝડપી અને સરળતાથી સેવાઓ આપવા આવા કાર્યક્રમો યોજી રહી છે, તો બીજી તરફ તાલુકા મથકની મહત્વની કચેરીમાં કામગીરી વિના અરજદારોને પરત ફરવું પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે.

કાસોડી ગામમાં યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં કર્મચારીઓ હાજર રહી ગ્રામજનોને સરકારી યોજનાઓનો લાભ આપી રહ્યા હતા. પરંતુ બીજી તરફ, પોતાના જરૂરી કામકાજ માટે વિરપુર મામલતદાર કચેરીએ પહોંચેલા અરજદારોને સંબંધિત કામગીરી માટે એકપણ કર્મચારી હાજર મળ્યો ન હતો. પરિણામે દૂર-દૂરથી આવેલા નાગરિકોને પોતાનું કામ કરાવ્યા વિના જ ખાલી હાથે પરત ફરવું પડ્યું હતું.

વીરપુર તાલુકા કક્ષાની આવી મહત્વની કચેરીમાં રોજિંદા કામકાજ માટે આવતા લોકો માટે વૈકલ્પિક વ્યવસ્થા કેમ ન કરવામાં આવી? તેને લઈને અરજદારોમાં ભારે રોષ જોવા મળ્યો છે. એક જ કામ માટે લોકોને વારંવાર ધક્કા ખાવા પડે તેવા વહીવટી અભિગમ સામે લોકોએ નારાજગી વ્યક્ત કરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદની ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશનમાં ઇકો ફ્રેન્ડલી મૂર્તિ બનાવટ સ્પર્ધા યોજાઈ

**આણંદ |** આણંદ શહેરની ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે એનએસએસ સેવા અંતર્ગત "ભક્તિમાં પવિત્રતા, પ્રતિમામાં પ્રકૃતિપ્રેમ" વિચાર હેઠળ ઇકો ફ્રેન્ડલી મૂર્તિ બનાવટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેંટ સ્ટીફન કોલેજના અધ્યાપિકા પારૂલ ભોઇએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. આ સ્પર્ધામાં અનિલ રાઠોડ પ્રથમ, પારૂલ સોલંકી દ્વિતીય તથા ઉન્નતિ વસાવા અને અંકિતા ગામીત તૃતીય સ્થાને વિજેતા બન્યા હતા. આ સ્પર્ધાનું સફળ આયોજન અધ્યાપિકા પ્રિતી ગામીત દ્વારા કેમ્પસ ડાયરેક્ટર/આચાર્ય જતીન પઢિયાર તથા ચેરમેન વોલેસ ક્રિશ્ચિયનના માર્ગદર્શન હેઠળ કરાયું હતું.



### આણંદ કૃષિ યુનિ.ના વસો સેન્ટર ખાતે 'સેવા અને સમર્પણ' અંતર્ગત ડીબેટ સ્પર્ધા યોજાઈ

**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના વસો કૃષિ મહાવિદ્યાલય અને પોલિટેકનિક ખાતે વડાપ્રધાનશ્રીના જાહેર જીવનના ૨૫ વર્ષ નિમિત્તે છેલ્લા ૨૫ વર્ષમાં કૃષિક્ષેત્રે થયેલ પ્રગતિ વિષય પર ડીબેટ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. સંસ્થાના આચાર્ય ડો. ડી. એ. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં વક્તાઓએ 'સોઈલ હેલ્થ કાર્ડ' અને 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ' જેવા નિર્ણયો દ્વારા કૃષિ વિકાસના પરિવર્તનને બિરદાવ્યું હતું. આ વૈચારિક મંથનમાં અંદાજીત ૨૨૫ વિદ્યાર્થીઓ સાક્ષી બન્યા હતા અને ૧૪ વિદ્યાર્થીઓએ (૬ કોલેજ તથા ૮ પોલિટેકનિક) ટેકનોલોજી તેમજ પ્રાકૃતિક ખેતી વિષય પર પ્રભાવશાળી રજૂઆત કરી હતી.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### બાકરોલની સ્પેક કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય પૂર્વ વિદ્યાર્થી સંમેલનનું આયોજન કરાયું

**આણંદ |** બાકરોલ સ્થિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) ની સ્પેક કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય અને પૂર્વ વિદ્યાર્થી સંમેલન યોજાયું હતું. આ આયોજનનો મુખ્ય હેતુ પૂર્વ વિદ્યાર્થીઓના અનુભવો દ્વારા વર્તમાન વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દી માટેનું યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. વર્ચ્યુઅલ માધ્યમથી યોજાયેલા આ સંમેલનમાં વિદેશ સ્થિત પૂર્વ વિદ્યાર્થીઓ જોડાયા હતા તથા ડો. સુયોગ ઉપાસનીના નેતૃત્વમાં આયોજન સફળ રહ્યું હતું. આ કાર્યક્રમની શ્રેષ્ઠ સફળતા બદલ સંસ્થાના સેક્રેટરી, તમામ ટ્રસ્ટીઓ અને સ્પેક મેનેજમેન્ટ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



### આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ હાઇસ્કૂલ, ખેતીવાડી ખાતે વાલી બેઠક યોજાઈ

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ હાઇસ્કૂલ, ખેતીવાડી ખાતે આચાર્ય યોગેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વાલી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિક્ષકોએ વાલીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી વિદ્યાર્થીઓના પરિણામ અને સર્વગ્રાહી વિકાસ અંગે ગહન ચર્ચા કરી હતી. આ બેઠક દરમિયાન વાલીઓને સંસ્થાના નિયમો, વિવિધ કાર્યક્રમો, શિષ્યવૃત્તિઓ અને આગામી આયોજનો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના અંતે આચાર્યશ્રીએ તમામ વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



### બોરસદના ઝારોલા હાઈસ્કૂલના શિક્ષિકા કૃતિકાબેન પટેલ 'રાજ્યના શ્રેષ્ઠ ગણિત શિક્ષક' તરીકે સન્માનિત



**બોરસદ |** ઝારોલા હાઈસ્કૂલના ગણિત શિક્ષિકા કૃતિકાબેન નારણભાઈ પટેલ સોનગઢ મુકામે યોજાયેલા ૨૦મા રાજ્ય કક્ષાના ગણિત મહોત્સવમાં 'રાજ્યના શ્રેષ્ઠ ગણિત શિક્ષક' તરીકે સન્માનિત થયા છે. તેઓ વિવિધ મોડલ, ચાર્ટ અને ગીતોના માધ્યમથી અભ્યાસ કરાવી વિદ્યાર્થીઓમાંથી ગણિતનો ડર દૂર કરી રસ કેળવવા માટે જાણીતા છે. ઓલ ઇન્ડિયા રામાનુજન મેથ્સ ક્લબ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં પ્રખર ખગોળ વૈજ્ઞાનિક જે. જે. રાવલ, નાસાના એકતા શાહ, ઈસરોના વૈજ્ઞાનિકો અને ડો. ચંદ્રમૌલી જોશીના હસ્તે આ ગૌરવવંતું સન્માન એનાયત કરાયું હતું.

### ઉમરેઠમાં નિ:શુલ્ક હેર એન્ડ સ્કિન ચેક-અપ કેમ્પમાં સોથી વધુ દર્દીઓએ લાભ લીધો

**આણંદ |** ઉમરેઠના બ્રહ્માકુમારી સેન્ટર અને લાયન્સ ક્લબ ઉમરેઠના સંયુક્ત ઉપક્રમે ડો. રોશની ઠક્કરની ટીમ દ્વારા નિ:શુલ્ક હેર એન્ડ સ્કિન ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન 100થી વધુ દર્દીઓનું ચેક-અપ કરી હેર અને સ્કિનની સમસ્યાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે બ્રહ્માકુમારી નીતાબેને સ્વસ્થ જીવન માટે આધ્યાત્મિકતા, પરેજી અને સાદી જીવનશૈલીનું મહત્વ સમજાવ્યું હતું.



### ઉમરેઠમાં સાયબર ક્રાઇમ અને ડ્રગ્સ નાબૂદી અંગે જાગૃતિ સેમિનાર યોજાયો

**આણંદ |** ઉમરેઠ ખાતે આણંદ જિલ્લા પોલીસ અધિક્ષક ગૌરવ જસાણીના અધ્યક્ષસ્થાને સાયબર ક્રાઇમ અને ડ્રગ્સ નાબૂદી અંગે જાગૃતિ સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ અને નગરજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. પોલીસ અધિકારીઓએ ઓનલાઈન છેતરપિંડી, શંકાસ્પદ લિંક અને OTP ફ્રોડ સામે સાવચેત રહેવા માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત યુવાનોને ડ્રગ્સના શારીરિક તથા સામાજિક નુકસાનથી માહિતગાર કરી તેનાથી દૂર રહેવા અપીલ કરાઈ હતી.



### નડિયાદમાં એસ.ટી. કર્મચારીઓ માટે નેત્ર નિદાન અને ચશ્મા વિતરણ કેમ્પ યોજાયો



**નડિયાદ |** ભારત વિકાસ પરિષદ નડિયાદ દ્વારા નડિયાદ એસ.ટી. સ્ટેન્ડ ખાતે ડ્રાઈવર, કંડક્ટર અને અન્ય કર્મચારીઓ માટે આઈ ચેકઅપ અને રાહતદરે ચશ્મા વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ નેત્ર નિદાન કેમ્પનો નડિયાદ એસ.ટી. વિભાગના ૧૭૫ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો હતો. આ આયોજનમાં અંધજન મંડળ નડિયાદ અને ડેપો મેનેજર કે. કે. પરમારનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો. આ કાર્યક્રમમાં પરિષદના હોદ્દેદારો તથા એસ.ટી. વિભાગના કર્મચારીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કેમ્પને સફળ બનાવ્યો હતો.

### કપડવંજની કોલેજના એનસીસી કેડેટ યુવરાજસિંહે રાષ્ટ્રીય શૂટિંગ સ્પર્ધામાં સિલ્વર મેડલ મેળવ્યો

**કપડવંજ |** કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શાહ કે.એસ. આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કોલેજના એનસીસી કેડેટ સોલંકી યુવરાજસિંહે રાષ્ટ્રીય કક્ષાએ ઝળકીને કોલેજનું નામ રોશન કર્યું છે. દિલ્હી મુકામે યોજાયેલ ઓલ ઇન્ડિયા થલ સૈનિક કેમ્પની શૂટિંગ સ્પર્ધામાં તેમણે દેશભરમાંથી આવેલા સ્પર્ધકો સામે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. ત્રણ મહિનાની સખત તાલીમ બાદ પસંદગી પામીને તેમણે શૂટિંગ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરી સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ કોલેજના આચાર્ય ડો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, મેજર એ. બી. પંડા તથા સમગ્ર અધ્યાપક ગણે તેમને અભિનંદન પાઠવ્યા છે.



### કપડવંજમાં દશા પોરવાડ વણિક જ્ઞાતિના કુળદેવી શ્રી મહાલક્ષ્મી માતાજીનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો



**કપડવંજ |** કપડવંજ સ્થિત ગાંધી ચોક પંચની વાડીમાં દશા પોરવાડ વણિક જ્ઞાતિના કુળદેવી શ્રી મહાલક્ષ્મી માતાજીનો પાટોત્સવ ઉત્સાહભેર ઉજવાયો હતો. પૂર્વીબેન પરાગભાઈ કે. શેઠ પરિવારના સૌજન્યથી નવચંડી યજ્ઞ, રાસ-ગરબા, શ્રીફળ હોમાત્મક વિધિ અને ગૌપૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કપડવંજ, સમગ્ર ગુજરાત તેમજ પરપ્રાંતમાંથી મોટી સંખ્યામાં જ્ઞાતિજનો અને અગ્રણીઓએ હાજરી આપી ધર્મલાભ લીધો હતો. જ્ઞાતિ મંડળના પ્રમુખ કીર્તન પરીખે આયોજક શેઠ પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો અને સૌએ માતાજીની આરતી તથા પ્રસાદનો લાભ લીધો હતો.

### કપડવંજની હાઈસ્કૂલમાં સાયબર ફ્રોડ અને મહિલા સુરક્ષા અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

**કપડવંજ |** કપડવંજની શેઠ એમ.પી.મ્યુનિ.હાઈસ્કૂલમાં ગુજરાત પોલીસ તથા સુરક્ષા સેતુ રથ દ્વારા ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને સાયબર ફ્રોડ, મહિલા સુરક્ષા (જાતીય સતામણી, છેડતી) અને ટ્રાફિક નિયમન વિશે વિગતવાર માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય જતીન પટેલ સહિત કે. જે. ઝાલા, બ્રિજેશ પટેલ, શૈલેષ ઝાલા અને શૈલેષ સોની ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સુરક્ષા સેતુ રથના કર્મચારીઓ મહેશભાઈ ડાભી, વિપુલભાઈ સોઢા તથા કપડવંજ ટાઉન પોલીસના કિરણભાઈ અને વિનોદભાઈ પણ હાજર રહ્યા હતા.

